૫. અસંગઠિત ક્ષેત્રના કામદારોના વર્ગોની મોટી સંખ્યા, પ્રત્યેક વર્ગમાં ખૂબ જ મોટી જનસંખ્યા તથા મોટા ભૌગોલિક ક્ષેત્રમાં તેમના ફેલાવાના કારણે તેમના સુધી કાનૂની સેવા પહોંચાડવા માટે આયોજનબધ્ધ કાર્યક્રમની આવશ્યકતા છે. તેમને તેમના બંધારણીય અધિકારોની પ્રાપ્તિ માટે એક સંસ્થાગત વ્યવસ્થા, વચનબદ્ધ કાર્યબળ તથા સતત પ્રયાસોની લાંબા સમય સુધી જરૂરીયાત છે.

### અસંગઠિત કામદારોની ઓળખ :

૧. વિધિક સેવા સંસ્થાનું પ્રથમ કામ તેમના ક્ષેત્રમાં અસંગઠિત કામદારોની સંખ્યા અને તેમના વર્ગોનો રાજ્યોના સામાજિક કલ્યાણ વિભાગ અને શ્રમ વિભાગની પાસે ઉપલબ્ધ આંકડાઓથી જાણકારી મેળવવાનું છે. આવશ્યકતા પડે સ્વયં અથવા કાયદાના વિદ્યાર્થીઓ અથવા જે તે ક્ષેત્રના એન.જી.ઓ. ની સહાયતાથી સર્વેક્ષણ થઈ શકે છે.

૨. ઓળખ કરવાની વિધિમાં, વિશેષ પ્રયત્ન બાળ શ્રમિક અથવા બંધુવા મજૂર હોય તો તેમની પણ ઓળખ કરવામાં આવે તેમજ જો આવા પ્રતિબંધિત વર્ગોના કોઈ કામદાર મળી આવે તો કાનૂની સેવા સત્તા મંડળ તેમને સંબંધિત સત્તા મંડળને સુચિત કરે અને તેમના બચાવમાં સહાયતા કરે, તેમને મુક્ત કરાવવા અને તેમના પુનર્વાસ માટે પહેલ કરે જે અંગેની જોગવાઈઓ બંધુવા મજૂર પધ્ધતિ પ્રતિબંધક અધિનિયમ, ૧૯૭૬, બાળક શ્રમ (પ્રતિબંધ અને વિનિયમન) અધિનિયમ, ૧૯૮૬ તથા કિશોર ન્યાય અધિનિયમ, ૨૦૦૦ જેવા વગેરે કાયદાઓમાં કરવામાં આવી છે.

૩. રાજ્ય સેવા સત્તા મંડળ ક્ષેત્ર, જનસંખ્યા અને આનુષંગિક પરિબળોને ધ્યાને રાખીને અસંગઠિત ક્ષેત્રના બધા વર્ગોની ઓળખ માટે એક સમય સીમા નિર્ધારિત કરી શકે છે.

### વિશેષ સેલની સ્થાપના :

૧ આ ક્ષેત્રમાં કામદારોને ઉપયોગી કાનૂની સેવા પ્રદાન કરવા માટે પ્રત્યેક રાજ્યનું કાનૂની સેવા સત્તા મંડળ એક વિશેષ સેલ બનાવશે જે અલગથી માત્ર આ સેવા પર ધ્યાન રાખશે. સેલમાં એક પેનલ એડવોકેટ જે શ્રમ કાનૂનમાં વિશેષ અનુભવ રાખતાં હોય, એક સલાહકાર જેની પાસે સંબંધિત ક્ષેત્રમાં કાર્યનો અનુભવ હોય અને શક્ય હોય ત્યાં સુધી કોઈ એન.જી.ઓ.નો પ્રતિનિધિ જેમનું આ ક્ષેત્રમાં પ્રસંશનીય કાર્ય હોય તથા એવી સંખ્યામાં અર્ધકાનૂની સ્વયંસેવી (પેરા લિગલ વોલન્ટીયર્સ) હશે જે રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ નિર્ધારિત કરે.

### વિશેષ સેલના કાર્ય નીચે મુજબ રહેશે :

૧ અસંગઠિત કામદારોના માટે સેમિનાર, પ્રશિક્ષણ કાર્યક્રમ, કાનૂની સાક્ષરતા કાર્યક્રમોનું આયોજન કરવું.

૨ અસંગઠિત કામદારોને યોજનાઓના લાભ અપાવવા તથા પંજીકરણના સંબંધમાં સરકારી પ્રાધિકરણોની સાથે સહયોગ કરવો.

૩ અસંગઠિત કામદારોને યોજનાઓના લાભ પ્રાપ્ત કરવા માટે ફોર્મ ભરાવવામાં સહાયતા પ્રદાન કરવી અને પંજીકરણ ફોર્મ ભરવા અને યોજના અંતર્ગત મળવાપાત્ર લાભ ઉપલબ્ધ કરાવવામાં સહાયતા કરવી.

૪ અસંગઠિત ક્ષેત્રના કામદારોને તેમના દાવામાં અથવા બચાવમાં કાનૂની સલાહ અને કાનૂની સહાયતા આપવી જે તેમણે કોઈ ન્યાયાલય અથવા અન્ય ફોરમમાં દાખલ કરેલ હોય.

૫ અન્ય કોઈ કાર્ય જે રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ તેમના માટે નિર્ધારિત કરે.

૬ વિશેષ સેલ સદસ્ય સચિવની સલાહ અથવા સેવા સંત્તા મંડળ દ્વારા નામાંકિત કોઈ બીજા અધિકારીની સલાહ મુજબ કામ કરશે તથા સોંપવામાં આવેલ કાર્યોની પ્રગતિની એક પ્રગતિ અહેવાલ વિશેષ સેલ રજૂ કરશે.

૭ સેલના સદસ્યોને તેમના દ્વારા કરવામાં આવેલ કાર્યોનું માનદ્ વેતન આપવામાં આવશે, જે રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા નક્કી કરવામાં આવશે.

### રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળની ફરજો :

- જ્યાં પણ સામાજિક સુરક્ષા બોર્ડ તથા મકાન અને બાંધકામ કામદાર કલ્યાણ બોર્ડ બનાવેલ નથી ત્યાં રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ રાજ્ય સરકારની સહાયતા લેશે તથા જરૂરીયાત જણાય તો માનનીય કાર્યપાલક અધ્યક્ષશ્રીની મંજુરી મેળવીને જનહિત યાચિકા દાખલ કરશે.
- રાજ્ય કાનૂની સેવા સેત્તા મંડળ, મકાન અને બાંધકામ કામદાર કલ્યાણ બોર્ડની સાથે મળી સુનિશ્ચિત કરશે કે તેમના દ્વારા લેવાયેલ કર ફિક્સ ડીપોઝીટમાં જમા પડ્યા ન રહે અને જરૂરીયાતમંદ કામદારના હિતમાં ઉપયોગી બને.
- રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ પોતાના રાજ્યમાં ચાલી રહેલ અસંગઠિત ક્ષેત્રની યોજનાઓને તર્કસંગત કરાવવા માટે રાજ્ય સરકારોને જણાવશે તથા આવશ્યકતા અનુસાર માનનીય કાર્યપાલક અધ્યક્ષની મંજૂરી મેળવીને જનહિત યાચિકાના માધ્યમથી પણ આ કાર્ય કરાવશે.
- યોજનાઓની જાણકારી હેતુ ગંભીરતાપૂર્વક જાગૃતતા કાર્યક્રમ ચલાવવામાં આવશે. બુકલેટ, પેમ્ફલેટ તથા રેડિયો, ટી.વી.ના માધ્યમથી પણ જાગૃતતા અભિયાન ચલાવવામાં આવશે.
- રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ પેરા લિગલ વોલન્ટીયર્સ (પી.એલ.વી.) ના માટે વિશેષ પ્રશિક્ષણ કાર્યક્રમ આયોજિત કરશે.
- રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ રાજ્યના શ્રમ વિભાગથી સને ૨૦૦૫ ના અધિનિયમની કલમ- ૯ના અંતર્ગત કરવામાં આવેલ જોગવાઈ મુજબ કામદારો માટે સહાયતા કેન્દ્ર સ્થાપના માટે સહયોગ કરશે તથા કાનૂની સેવા કેન્દ્ર પણ સ્થાપિત કરી શકે છે જેનું વિશેષ રૂપથી પ્રશિક્ષિત પી.એલ.વી./એન.જી.ઓ. દ્વારા સંચાલન થશે.
- રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ તથા અસંગઠિત ક્ષેત્ર માટે ઘડાયેલ વિશેષ સેલ સંસ્થાના માલિકોને તેમના કાનૂની કર્તવ્યો તથા કામદારોની વાસ્તવિક જરૂરીયાતોની પૂર્તિ માટે સેમિનારનું આયોજન કરશે.
- રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ જાતે સફાઈ કરનારા તરીકે પ્રતિબંધ અને તેઓના પુનર્વાસ માટેનો કાયદો- ૨૦૧૩ ની ધારા-૧૩ માં જે કામદારોના પુનર્વાસની જોગવાઈ છે તથા એવી જ પુનર્વાસ માટેની જોગવાઈ અન્ય કાયદામાં પણ છે, જેમના અમલીકરણ માટે સહયોગ કરશે અને સ્વંય અથવા એન.જી.ઓ.ના સહયોગથી આ વર્ગના કામદારો માટે પુનર્વાસ યોજના બનાવવામાં સહયોગ કરશે.
- અસંગઠિત કામદારો માટે બનાવેલ વિશેષ સેલ, બધા અસંગઠિત કામદારો માટે કોઈપણ ન્યાયાલય અથવા અન્ય ફોરમ સમક્ષની કાનૂની કાર્યવાહી માટે કાયદાકીય સહાયતા ઉપલબ્ધ કરાવશે.
- રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ કાયદાના વિદ્યાર્થીઓ તથા એન.જી.ઓ.ના સહકારથી કામદારોના કાર્ય સ્થળે યોગ્ય વાતાવરણ રહે તે માટે અભિયાન ચલાવી શકે છે.

ડિઝાઈન, પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ

Y-246 - 50,000-10-2017

न्याय सब के लिए
ACCESS TO JUSTICE FOR ALL

# જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અમદાવાદ (ગ્રામ્ય)

## નાલસા

## (અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે કાનૂની સેવાઓ) યોજના, ૨૦૧૫ - સંક્ષિપ્ત આલેખન

કેવળ જન જાગૃતિ અર્થે

પ્રકાશન વર્ષ- ૨૦૧૬

આ યોજના અંતર્ગત કોઈ પણ પ્રકારની જાણકારી અથવા મદદ માટે સંબંધિત વિભાગના સક્ષમ પદાધિકારી અથવા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ અથવા સંબંધિત તાલુકા કાનૂની સેવા સમિતિ કે જે દરેક કોર્ટમાં તાલુકા કક્ષાએ કાર્યરત છે તેનો સંપર્ક કરવો.

ટેલીફોન-ફેક્સ નં. ૦૭૯ ૨૫૬૨૬૫૦૨

તથા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૬

(Website : http://gujarathighcourt.nic.in/gslsa/index.asp)

(Email : msguj.lsa@nic.in)

(જિલ્લા સ્તર પર સંબંધિત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિ) નો સંપર્ક કરી શકાય છે.

*સૂચના :* સહ સામગ્રી કેવળ જન જાગૃતિ અર્થે છે (કોઈ પણ પ્રકારનો દાવો કરતા પૂર્વે મૂળ યોજના જોવી).

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અમદાવાદ (ગ્રામ્ય), ડીસ્ટ્રીક્ટ કોર્ટ બીલ્ડીંગ, મીરઝાપુર, અમદાવાદ.

## પૂર્વભૂમિકા :

ભારતીય અર્થ વ્યવસ્થાની એક મુખ્ય વિશેષતા એ છે કે કામદારોની એક ખૂબજ મોટી સંખ્યા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરી રહી છે. ભારતીય આર્થિક સર્વેક્ષણ ૨૦૦૭-૨૦૦૮ તથા ૨૦૦૯-૨૦૧૦ ના રાષ્ટ્રીય સેમ્પલ સર્વે અસંગઠિત ક્ષેત્રએ અનુમાન લગાવ્યું છે કે કુલ કામદારોના ૯૩-૯૪% અસંગઠિત ક્ષેત્રમાં કાર્ય કરી રહ્યા છે. કુલ ઘરેલુ ઉત્પાદનમાં તેમની ભાગીદારી ૫૦% થી વધુ છે.

અસંગઠિત કામદારોની મહદ સંખ્યા (લગભગ ૫૨ ટકા) કૃષિક્ષેત્રમાં કાર્ય કરી રહી છે. બીજા મોટા ક્ષેત્રમાં નિમાર્ણ, લઘુ ઉદ્યોગ, ઠેકેદારો દ્વારા મોટા ઉદ્યોગોમાં નિયોજિત કામદાર, ઘરેલુ કામદાર, એવા કામદાર જે જંગલોના ઉત્પાદન ઉપર નિર્ભર છે, માછલી પાલન તેમજ સ્વરોજગાર જેમ કે, રીક્ષા ખેંચવી, ઓટો ચલાવવી, કુલી વગેરે સામેલ છે.

અસંગઠિત ક્ષેત્રની ખાસ વાત એ છે કે ત્યાં મોટા ભાગે શ્રમ કાયદો લાગુ થતા નથી. તેમાં કામ કરવાવાળાઓની દશા દયનીય છે. ન તેઓ સુનિશ્ચિત રોજગાર મેળવે છે, ન તેમને સાચુ વેતન મળે છે અને તેમને કોઇ કલ્યાણકારી સુવિધાઓ ઉપલબ્ધ થાય છે. આ ક્ષેત્રમાં રોજગાર કાયમ નથી હોતો અને તેથી કામની કોઇ ગેરંટી નથી હોતી.

તેમના કાયમી સ્થિરતા નહિ હોવાથી તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા રહે છે તેમજ મહદઅંશે તેમના બાળકોનું ભણતર પણ છુટી જાય છે. શહેરામાં તેઓ ઝૂંપડીમાં રહે છે જ્યાં ઘર અને શૌચ નો પ્રબંધ નથી હોતો. સ્વાસ્થ્ય સેવા અને પ્રસુતિના લાભ જે સંગઠિત ક્ષેત્રમાં ઉપલબ્ધ છે તે તેમના માટે નથી. કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩, કર્મચારી રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮, મેટરનીટી બેનીફીટ અધિનિયમ ૧૯૬૧, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭, પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઇટી અધિનિયમ ૧૯૭૨, કર્મચારી ભવિષ્યનિધિ અધિનિયમ ૧૯૫૨ વગેરેમાં કરવામાં આવેલ જોગવાઇઓ વૃધ્ધાવસ્થા, સ્વાસ્થ્ય સેવા અને સહાયતા, મૃત્યુ, વિવાહ તથા દુર્ઘટના વગેરે સંજોગોમાં પણ તેમના પર લાગુ નથી થતી. આ બધી હકિકતોનો અર્થ છે કે મહદઅંશે શોષિત જીવન જીવવા માટે અસંગઠિત કામદારો મજબૂર થઇ જાય છે.

હાલનું કાનૂની માળખું : જ્યાં અસંગઠિત ક્ષેત્રમાં રોજગારની શ્રેણીઓ મોટી સંખ્યામાં છે, પરંતુ કામદારોની કાર્યસ્થિતિમાં સુધારણા માટેના કાયદા કે જોગવાઇઓ વગેરે ફક્ત કેટલીક શ્રેણીઓમાં જ લાગુ થયેલ છે જેમ કે,

- ડોક કામદાર (રોજગાર વિનિયમન) અધિનિયમ ૧૯૪૮
- બીડી અને સિગારેટ કામદાર (રોજગારીની શરતો) ૧૯૬૬
- આંતર રાજ્ય પ્રવાસી કામદાર (રોજગાર વિનિયમન અને સેવા શર્ત અધિનિયમ ૧૯૭૯)
- સિનેમા કામદાર અને સિનેમા થિયેટર કામદાર (રોજગાર વિનિયમન અધિનિયમ) ૧૯૮૪
- મકાન અને અન્ય બાંધકામ કામદાર (રોજગાર તથા સેવા શર્ત વિનિયમન) અધિનિયમ ૧૯૯૬
- જાતે સફાઇ કરનારા તરીક રોજગાર પ્રતિબંધ અને તેઓમા પુનર્વસન માટેનો કાયદો-૨૦૧૩

અસંગઠિત કામદારોના બધા વર્ગોને સામાજિક સુરક્ષા પ્રદાન કરવા માટે કેન્દ્ર સરકારે અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮ના નામથી પ્રભાવશાળી કાયદો લાગુ કરેલ છે. મકાન અને અન્ય બાંધકામ કામદાર (રોજગાર તથા સેવા શર્ત વિનિયમન) અધિનિયમ, ૧૯૯૬ તથા અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા અધિનિયમ-૨૦૦૮ના અંતર્ગત કામદારોના હિતો માટે વિભિન્ન સામાજિક સુરક્ષા યોજનાઓ લાગુ કરવી આવશ્યક છે.

## કાનૂની સેવા પ્રદાન કરવા માટેની યોજના :

અહીં ઉપર વર્ણવેલ કાયદાઓ કામદારોના જીવનમાં થોડુંક પ્રશંસનીય પરિવર્તન લાવતા હોવાનું જણાઇ આવતું નથી જેના મુખ્ય કારણો નીચે મુજબ છે :

- સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮ કાનૂની રીતે યોજનાને લાગુ કરવાની કોઇ પ્રક્રિયાનું વહન નથી કરતો અને એવું લાગે છે કે કામદારોને યોજનાના લાભ માટે સંબંધિત સત્તા મંડળોના ઇન્કારની વિરુદ્ધ સ્વીકૃતિ નથી.
- ઘણા ઓછા રાજ્યોએ સામાજિક સુરક્ષા બોર્ડ બનાવેલ છે તથા અધિનિયમની કલમ ૧૪ના અંતર્ગત નિયમ બનાવેલ છે. પરીણામ એ છે કે કેટલાય રાજ્યોમાં કલ્યાણ યોજના ચલાવવામાં આવતી નથી અને જ્યાં યોજનાઓ છે ત્યાં તેમની ઉપર ધ્યાન રાખનાર કોઇ નથી. મોટાભાગે બધા રાજ્યોમાં મકાન અને અન્ય બાંધકામ કામદાર (રોજગાર તથા સેવા શર્ત વિનિયમન) અધિનિયમ, ૧૯૯૬ના અંતર્ગત મકાન અને બાંધકામ કામદાર કલ્યાણ બોર્ડ બનાવેલ નથી અને ફળસ્વરૂપે કોઇ સુરક્ષા યોજના પણ આ કામદારો માટે નથી.
- જો કે કેટલાય રાજ્યોમાં મકાન અને અન્ય બાંધકામ કામદાર (રોજગાર તથા સેવા શર્ત વિનિયમન) અધિનિયમ, ૧૯૯૬ ના અંતર્ગત કર લેવામાં આવી રહ્યો છે, કરનો ઉપયોગ કામદારોના હિત માટે ઓછો કરવામાં આવી રહ્યો છે. એનું કારણ કામદારોનું ઓછું પંજીકરણ (રજીસ્ટ્રેશન) અથવા પંજીકૃત કામદારો હિતોનો ઓછો લાભ ઉઠાવે છે.
- યોજના અને હિતોનો બહોળો પ્રચાર પણ કરવામાં આવેલ નથી. અસંગઠિત ક્ષેત્રના કામદાર સામાન્ય રીતે અભણ અને સંગઠિત નહિ હોવાના કારણે મોટાભાગે યોજનાથી જાણકાર હોતા નથી.
- સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮માં બતાવવામાં આવેલ કામદાર સુવિધા કેન્દ્ર કોઇપણ રાજ્ય દ્વારા આજદિન સુધી બનાવેલ નથી.
- સંસ્થાના માલિક અથવા ઠેકેદાર પર કોઇપણ યોજનાના અંતર્ગત કામદારોના પંજીકરણ કરાવવાની જવાબદારી ઠરાવવામાં આવેલ નથી.
- પ્રત્યેક યોજના માટે અલગથી પંજીકરણ કરાવવું પડે છે જેના કારણે જરૂર પડ્યે કામદારોને સમસ્ત યોજનાઓના હિત પ્રાપ્ત કરવામાં મુશ્કેલી આવે છે. કામદારોને સ્વયં આવેદન આપીને પંજીકૃત થવું પડે છે અને તેઓ તે માટે સક્ષમ નથી કારણ કે તેમને જાણકારી નથી અને પ્રક્રિયા પણ જટિલ છે.
- આ યોજનાઓના પંજીકરણની પ્રક્રિયા સહજ સુલભ નથી અને તેના કારણે મોટા ભાગના કામદારો પ્રવાસી હોવાથી આ યોજનાનો લાભ ઉઠાવવામાં અસમર્થ રહે છે અને ફળસ્વરૂપે આ યોજનાના અંતર્ગત પંજીકરણ કરાવવા માટે ઇચ્છા ધરાવતા નથી.
- કાનૂની સેવા સત્તા મંડળ, કાયદાનો અમલ કરાવનાર સંસ્થા અને લાભાર્થીઓ વચ્ચેના અંતરને ઓછું કરવામાં એક સેતુનું કામ કરી શકે છે. આ ઉદેશને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળે નાલસાની કેન્દ્રીય પ્રાધિકરણની બેઠક જે તા. ૦૮/૧૨/૨૦૧૦ ના રોજ થઇ હતી, તેમાં એક યોજનાને અપનાવી છે જે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ (અસંગઠિત ક્ષેત્રમાં કામદારોની કાનૂની સેવા) યોજના, ૨૦૧૦ છે.
- જરૂરતમંદ કામદારોના હિતો માટે કાયદા બન્યાના કેટલાય વર્ષો બાદ પણ તેમને તેનું ફળ પ્રાપ્ત થયું નથી તથા આ સમસ્યા વિકટ છે જેના કારણે આ ક્ષેત્રમાં વધુ ધ્યાન આપવાની આવશ્યકતા છે. વર્તમાન નવી યોજના આ ઉદેશની પ્રાપ્તિ માટે જ છે.

## ઉદ્દેશ :

- બધા અસંગઠિત કામદારો સુધી આવશ્યક કાનૂની સેવાઓને પહોંચાડવી, સરકારી પ્રાધિકરણ સાથે સહયોગ કરીને તથા જનહિત યાચિકા દ્વારા કાયદા તથા તેના અમલીકરણ વચ્ચેના અંતરને સમાપ્ત કરવું.
- રાજ્ય સરકાર તથા જિલ્લા પ્રશાસનની વ્યવસ્થાનો ઉપયોગ કરીને બધા વર્ગોના અસંગઠિત કામદારોની ઓળખ કરવી તથા તેમને પંજીકૃત કરાવવા તથા બધી સરકારી યોજનાઓના લાભ અસંગઠિત કામદારો સુધી પહોંચાડવા.
- સંસ્થાના માલિકોને કાનૂની જોગવાઇઓ તથા કામદારોને કાર્ય સ્થળે સુંદર વાતાવરણ, યોગ્ય પગાર અને સામાજિક સુરક્ષા પ્રદાન કરાવવાની આવશ્યક્તા માટે જાગૃત બનાવવા.
- કામદારોના લાભકારી વર્તમાન કાયદા અને યોજનાઓના અંતર્ગત તેમની પાત્રતા અંગેની જાણકારી કામદારો સુધી પહોંચાડવી.
- અસંગઠિત ક્ષેત્રોના બધા વર્ગોના કામદારોને તેઓના પંજીકરણ માટે જરૂરી મદદ કરવી અને તેઓ જે વર્ગમાં આવતા હોય તે વર્ગમાં તેઓનું પંજીકરણ થાય તે માટે જે તે સત્તા મંડળ સાથે વિચાર વિમર્શ કરવો.
- કામદારો કે જેઓ જે તે વર્ગમાં પંજીકૃત થયા છે તેઓને યોજનાના લાભો પ્રાપ્ત કરવામાં સહાયતા આપવી.

## માર્ગદર્શક સિદ્ધાંત :

બધી વૈધાનિક સંસ્થાઓ દ્વારા અસંગઠિત કામદારો માટે યોજના લાગુ કરતા સમયે નીચેના સિદ્ધાંતને ધ્યાનમાં રાખવામાં આવશે :

૧. ભારતીય સંવિધાનની પ્રસ્તાવના બધા નાગરિકો માટે પ્રતિષ્ઠા તથા અવસરની સમાનતા સુનિશ્ચિત કરે છે તથા તેમના ગૌરવનું સન્માન કરીને તેમની વચ્ચે ભાઇચારાને વધારે છે. અનુચ્છેદ ૪૨ માં આદેશિત છે કે રાજ્ય કાર્ય સ્થળે યોગ્ય અને માનવીય સ્થિતિ તથા માતૃત્વ લાભોને સુરક્ષિત રાખવા માટે પ્રાવધાન બનાવશે. અનુચ્છેદ ૪૩ દ્વારા, રાજ્ય બધા કામદારો માટે કામ, નિર્વાહ મજૂરી તથા કાર્ય સ્થળે ઉચિત જીવન સ્તર સુનિશ્ચિત કરીને તથા આરામપૂર્ણ મનોરંજનનો અવકાશ માટે સામાજિક તથા સાંસ્કૃતિક અવસર સુરક્ષિત કરશે.

૨. દરેક નાગરિકના ગૌરવને બનાવી રાખવાના ઉદેશ વચન ત્યાં સુધી પૂર્ણ નહિ થઇ શકે જ્યાં સુધી એક કામદારનું ગૌરવ સુનિશ્ચિત નહિ કરવામાં આવે.

૩. અસંગઠિત ક્ષેત્ર સમાજના ઉપેક્ષિત ક્ષેત્રમાંથી એક છે તથા તેઓ પણ દેશના નાગરિક હોવાના કારણે કામનો અધિકાર, યોગ્ય અને માનવીય કાર્ય વ્યવસ્થા, યોગ્ય મજુરી, માતૃત્વ લાભ તથા ઉચિત જીવન સ્તર પ્રાપ્ત કરવા માટે સમાનરૂપથી હકદાર છે. કાનૂની સેવા સત્તા મંડળો માટે એ વૈધાનિક આદેશ છે કે તે બંધારણીય સુનિશ્ચિતતાઓને વાસ્તવમાં ઉપલબ્ધ કરાવે. કાનૂની સેવા સત્તામંડળોએ પ્રશાસનિક નિષ્ક્રિયતાના વિરુદ્ધમાં પ્રહરીના રૂપમાં કાર્ય કરવું પડશે.

૪. ઉદ્દિષ્ટ લાભાર્થીઓ અથવા પીડીતોને તેમના અધિકારો તથા યોગ્યતાઓને હાંસલ કરવા માટે સરકાર દ્વારા કાયદાઓ અથવા યોજનાઓ વગેરેના રૂપમાં ઘડવામાં આવેલ કલ્યાણ કાર્યોમાં વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની જરૂરીયાત છે. અસંગઠિત ક્ષેત્રના કામદાર કોઇપણ ક્ષેત્રમાં હોય, પરંતુ તેઓ સમાજના વંચિત અને અસુરક્ષિત ક્ષેત્ર સાથે સંબંધ ધરાવે છે તથા તે વ્યવસ્થાનો ઉપયોગ કરવા સક્ષમ નથી હોતા. કાનૂની સેવા સત્તા મંડળોનું એ કર્તવ્ય છે કે તે ન્યાય પ્રાપ્તિ સુધી તેમની પહોંચ સ્થાપિત કરવામાં તેઓના રહેઠાણના સ્થળે જઇને પણ સહાયતા કરે.